# આચાર્ય અને શિક્ષક સિદ્ધિપ્રેરિત હોવા જોઇએ

શીર્ષકમાં જણાવેલ શબ્દ "સિદ્ધિપ્રેતિ" નો અર્થ સૌ પ્રથમ સમજી લઇએ. આ શબ્દનો અર્થ સમજવા માટે "સિદ્ધિપ્રેરણા" શબ્દનો અર્થ સમજવો જરૂરી છે. સિદ્ધિપ્રેરણા એટલે વ્યકિંતમાં કોઇ સામાજિક પ્રતિષ્ઠા માટે નહીં, પણ પોતે કંઇક કર્યાનો આંતરિક સંતોષ મળે તે માટે કામ પાર પાડવાની અભિલાષા. વ્યક્તિ કોઇપણ કામ હાથ પર લે ત્યારે તે કામ ખૂબ જ સારી રીતે, ગુણવત્તા યુક્ત અને ઝડપથી પૂરું કરવાની ઇચ્છા રાખે તે સિદ્ધિપ્રેરણા કહેવાય. આ રીતે કામ કરનાર વ્યકિંત પોતાના આંતરિક આનંદ માટે, પોતાને સંતોષ મળે છે, પોતાને મજા આવે છે તે માટે કામ કરતો હોય છે. તેને મન આર્થિક ફાયદો, પદ, લોભ-લાલચ, ભૌતિક સગવડતા કે વટ પાડવાની સહેજ પણ ઇચ્છા હોતી નથી. આવી વ્યક્તિને આપણે સિદ્ધિપ્રેરિત વ્યકિંત કહીશું. આ અપેક્ષા આજે આચાર્ય અને શિક્ષક પાસે રાખવામાં આવે છે.

મોબીલીટી, વાયરલેસ યુગ આવવા છતાં સાધનો કરતાં સાધ્યનું સહેજ પણ મહત્ત્વ ઓછું થયું નથી. ત્યારે પ્રશ્ન થાય કે માનવીએ જીવન દરમિયાન શું પ્રાપ્ત કરવાનું છે? સુખ અને આંનંદ. આ સુખ અને આનંદ ક્યાંથી અને શેમાંથી મળશે? બાહ્ય સાધન દ્વારા? ના. તો? તે મળશે અંદરથી જ. સુખ અને આનંદ વ્યક્તિની અંદર જ હોય છે, જેને બહાર કાઢવાના છે. જે માટે આપણે અનેક સાધનોનો ઉપયોગ કરીએ છીએ. પણ આ આનંદ પેલા સાધનોની હાજરી હોય ત્યાં સુધી જ રહે છે. પછીની કોઇ ગેરંટી હોતી નથી. પણ સિદ્ધિપ્રેરિત વ્યક્તિ પોતાના કામ પ્રત્યેની નિષ્ઠા દ્વારા સુખ અને આનંદ પ્રાપ્ત કરે છે. આવી વ્યક્તિ જ અન્યને માટે ઉદાહરણરૂપ, મદદરૂપ, ફાયદાકારક અને પથદર્શક બને છે.

શિક્ષક અને આચાર્યએ પણ વિદ્યાર્થીઓ માટે ઉદાહરણરૂપ, ફાયદાકારક અને પથદર્શક બનવાનું છે. આચાર્યએ પોતાના નિર્ણયો દ્વારા શિક્ષકોમાં ભય ઊભો નથી કરવાનો. આચાર્યએ પોતાના નિર્ણયો વટ બતાવવા માટે નહીં, પણ સાચા અર્થમાં પોતે કશુંક કર્યાનો આનંદ પ્રાપ્ત કરવા માટે લેવાના હોય છે. આ કશુંક એવું કરેલું હોવું જોઇએ કે જેથી સૌ તે નિર્ણયને ફાયદાકારક, ઉદાહરણરૂપ ગણે. જે નિર્ણય લીધા પછી રાતે સારી ઊંઘ આવે તે સાચો નિર્ણય કહેવાય. ઊંઘાડે તે સાચો નિર્ણય, ઊંઘ ઊડાડે તે નહીં. સિદ્ધિપ્રેરિત વ્યકિતને રાતે ઊંઘ સારી આવતી હોય છે. તે પોતે ઊંઘે છે અને બીજાને પણ શાંતિથી ઊઘવા દે છે. સિદ્ધિપેરિત આચાર્યમાં વ્યક્તિગત જવાબદારી લેવાની ભાવના હોય છે. માઠાં પરિણામ માટે તે અન્યને જવાબદાર ઠેરવતો નથી. તે પોતે પોતાની શકિત જાણીને જ ધ્યેય નક્કી કરે છે. બીજાની શકિત પર કૂદકા મારતો હોતો નથી. સિદ્ધિપ્રેરિત આચાર્ય સતત ચિંતા નહી, પણ ચિંતન કરતો હોય છે. તેની દષ્ટિ દીર્ઘ હોય છે. તે લાંબાગાળાના ધ્યેયને વધુ પ્રાધાન્ય આપે છે. સિદ્ધિપ્રેરિત આચાર્યના કામમાં મૌલિકતા વધુ જોવા મળશે. તેઓ

ચીલાચાલુ પદ્ધતિ કરતાં નવીન રીતે જ કામ કરવામાં માને છે. પ્રણાલિકાનોભંગ કરવો તે તેમના માટે સહજ હોય છે. આમ કરતાં તેઓ દરેક કાર્યને પોતાનો સ્પર્શ આપે છે. જે બાબત જ સૌ માટે ફાયદાકારક અને આકર્ષણનું કેન્દ્ર પણ બને છે. તેઓ પોતાની શક્તિથી પરિચિત હોય છે. પરિણામે તેઓ શું કરી શકશે અને નહીં કરી શકે તેવું જાણતા હોય છે. પોતાના અંકુશ હેઠળની પરિસ્થિતિનો વધુમાં વધુ ઉપયોગ કરી સફળતાના દ્વાર સુધી પહોંચતા હોય છે. તેઓ પ્રારબ્ધ કરતાં પુરુષાર્થને વધુ મહત્ત્વ આપે છે.

શિક્ષકે પણ સિદ્ધિપરેરિત બનવાનું છે. નિયમિત સમયે શાળામાં જઇને, અઠવાડિયાના ૪૦-૪૫ પરિયડ લઇ આવીએ એટલાથી કદાપિ કોઇ શિક્ષકને સંતોષ મળવાનો નથી. શિક્ષક રસ્તા પર ચાલતાં જતો હોય અને કોઇ ભૂતપૂર્વ વિદ્યાર્થી ગાડીમાંથી ઉતરીને કેમ છો સાહેબ? મને ઓળખ્યો÷? આટલું જ્યારે પૂછે છે ત્યારે તે શિક્ષકને લોટરી લાગી હોય તેવો અનુભવ થાય છે. આવા વિદ્યાર્થી સિદ્ધિપ્રેરિત શિક્ષકને જ મળે. માત્ર અભ્યાસક્રમ પૂરો કરીને સંતોષ માનનારને આવા વિદ્યાર્થી કદાપિ ના મળે. જે શિક્ષક વિદ્યાર્થી પર પોતાનો “વટ” પાડવાનો પ્રયત્ન કરશે, તેને વિદ્યાર્થીઓ “કટ” કરશે. શિક્ષકે પોતાની ફરજને નિભાવવાની છે. પણ કશુંક નવું સર્જન કરીને. જે વ્યકિત નવું સર્જન કરી શકતો નથી તે ક્યારેય સફળ શિક્ષક બની શકતો નથી. નવું સર્જવા માટે જ સર્જનહારે શિક્ષકનું સર્જન કર્યું છે. આવો શિક્ષક સતત વિકાસ પામતો હોય છે. કારણકે સિદ્ધિ માટે જેટલી પ્રેરણા વધુ તેટલો વિકાસ વધુ.

સિદ્ધિ પરેરિત શિક્ષક શ્રેષ્ઠતાના ધોરણો સાથે સતત હરીફાઇ કરતો હોય છે. તેનામાં ચલાવી લેવાની વૃત્તિ હોતી નથી. પોતાને શીખવવાના દરેકે દરેક મુદ્દાને સારામાં સારી રીતે પિરસવામાં માનતો હોય છે. આ માટે તેના પક્ષે વધુ સમય મહેનત કરવાની વાત આવે તો પણ તે ગભરાતો નથી. તે દરેક મુદો વિદ્યાર્થીને સમજાવવા માટે સતત મથામણ કરે છે. સિદ્ધિપ્રેરિત શિક્ષકનું દરેક આચરણ અને વર્તન ચોક્કસ ધ્યેયને હાંસલ કરવા માટેનું હોય છે. વર્ગમાં ઊભી થતી દરેક પરિસ્થિતિમાંથી પડકાર શોધી, તેને પહોંચી વળવાનો પ્રયત્ન કર છે. આ પ્રયત્ન જ તેને સાચો આનંદ આપે છે. આવા શિક્ષક પ્રમાણપત્ર અને ચંદ્રકથી પ્રભાવિત થતા નથી. તેમને તો પડકારમાં રસ હોય છે. તેઓ પરિસ્થિતિને વશ થતાં નથી, પરંતુ પરિસ્થિતિને તેઓ વશ કરે છે. તેઓના કામની પ્રશંસા કોઇ કરે કે ના કરે પણ તેઓ પોતાના પ્રયત્નો ચાલુ રાખે છે. આમછતાં આવા શિક્ષકને જ્યાં સુધી કોઇ જવાબદારી સોંપવામાં ન આવે ત્યાં સુધી તેઓ આગળ આવીને સામા પગલે જવાબદારી માંગતા નથી. તેઓ ઇચ્છે છે કે તેમને જવાબદારી સોંપવામાં આવે, તેમના પર વિશ્વાસ મૂકવામાં આવે. સિદ્ધિપ્રરિત શિક્ષકનું આ લક્ષણ દરેક આચાર્યએ સમજી લેવા જેવું છે.

અંતે ભગવાનને પ્રાર્થના કે સૌ આચાર્ય અને શિક્ષકને સિદ્ધિપ્રેરિત વ્યક્તિ બનાવે.